This Question Paper contains 8 printed pages.

Seat No.: | | | | | | | |

Sl. No. : 100397

203(G)

(March, 2022)

Time : 3 Hours] ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 51 પ્રશ્નો છે.
2) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
3) જમણી બાજુના આંકડા ગુણ દર્શાવે છે.
4) નવો વિભાગ નવા પાના પર લખવો.

વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 20 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[20]**

1) સિવિલ હોસ્પિટલને ઉપયોગી બનતી પડતર પદ્ધતિ .....

(A) કરાર પડતર (B) એકમ પડતર

(C) સેવા પડતર

2) પડતર હિસાબી પદ્ધતિનો મુખ્ય હેતુ .....

(A) ગ્રાહકોને સમયસર માલ આપવો

(B) કાર્ય અંગેની નીતિનું ઘડતર કરવું

(C) બજાર સંશોધનની પ્રક્રિયાને સરળ બનાવવી

3) મહેસાણાની દુધ સાગર ડેરીને પડતરની કઈ પદ્ધતિ અનુકૂળ છે ?

(A) એકમ પડતર (B) પ્રક્રિયા પડતર

(C) કરાર પડતર

4) કઈ પદ્ધતિમાં વધેલો માલ છેલ્લે રહે છે ?

(A) ભારિત સરેરાશ (B) લીફો પદ્ધતિ

(C) ફીફો પદ્ધતિ

5) વેચાણ વિભાગના વડાને શું કહે છે ?

(A) ખરીદ અધિકારી (B) વેચાણ અધિકારી

(C) ઉત્પાદન અધિકારી

6) ધંધાની સફળતા માટે રોકડમેળ જેટલું જ ધ્યાન શાના પર આપવું જોઈએ ?

(A) સ્ટોક પત્રક (B) વેપાર ખાતું

(C) નફા - નુકસાન ખાતું

7) નીચેનામાંથી કોઈ એક પ્રત્યક્ષ માલ-સામાનનું ઉદાહરણ નથી.

(A) ફર્નિચરની બનાવટમાં લાકડું

(B) બૂટમાં વપરાતું ચામડું

(C) પુસ્તકની બનાવટમાં ગુંદર

8) નીચેનામાંથી ઉત્તેજન વેતનપ્રથા કઈ છે ?

(A) સમય વેતન (B) હેલ્સી યોજના

(C) કાર્ય વેતન

9) શિરોપરી ખર્ચની ફાળવણીમાં ભાડુ-વેરા કયા આધારે ફાળવશો ?

(A) રોકેલ જગ્યા (B) પગાર ખર્ચ

(C) કામદાર સંખ્યા

10) નીચેનામાંથી સમય નોંધવાની જૂની પદ્ધતિ છે.

(A) સમય નોંધતા ઘડિયાળો (B) ફરતા જોબકાર્ડ

(C) હસ્ત લિખિત

11) જાહેરાત અને જાવક માલ ગાડા ભાડું એ કયા પ્રકારના ખર્ચા છે ?

(A) કારખાનાના ખર્ચ (B) વેચાણ - વિતરણ ખર્ચ

(C) વહીવટી ખર્ચ

12) જે ખર્ચા કોઈ જોબ પ્રક્રિયા કે વિભાગ માટે જ થયા હોય તેને શું કહે છે ?

(A) પ્રત્યક્ષ ખર્ચ (B) પરોક્ષ ખર્ચ

(C) અન્ય ખર્ચ

13) ઉત્પાદન પ્રક્રિયા દરમ્યાન મુખ્ય વસ્તુ સાથે ઓછા મહત્ત્વની વસ્તુનું ઉત્પાદન થાય તેને શું કહે છે ?

(A) સંયુક્ત પેદાશ (B) સંયુક્ત પડતર

(C) આડ પેદાશ

14) પડતરના હિસાબોમાં ન સમાવાતી વિગત .....

(A) ભાડું-વેરા (B) ઘાલખાધ અનામત

(C) ચૂકવેલ ભાડું

15) પાઘડી - ટ્રેડમાર્ક એ કઈ મિલકત છે ?

(A) અદૃશ્ય મિલકત (B) કાયમી મિલકત

(C) ચાલુ મિલકત

16) સમતૂટ બિંદુ એટલે .....

(A) મહત્તમ નફો દર્શાવતી કક્ષા

(B) લઘુત્તમ નફો દર્શાવતી કક્ષા

(C) નહિ નફો નહિ નુકસાન દર્શાવતી કક્ષા

17) નીચેનામાંથી અર્ધચલિત ખર્ચનું ઉદાહરણ છે.

(A) યંત્રનો ઘસારો (B) ટેલીફોન બીલ

(C) જાહેરાત

18) નાણાંકીય હિસાબોનાં આખર સ્ટોકનું મૂલ્યાંકન .....

(A) મૂળ કિંમત અને બજાર કિંમત બેમાંથી જે ઓછી તે

(B) મૂળ કિંમતે થાય

(C) બજાર કિંમતે થાય

19) માલના કુદરતી ગુણધર્મના લીધે જે બગાડ થાય તેને કયો બગાડ કહે છે ?

(A) અસામાન્ય વધારો (B) અસામાન્ય બગાડ

(C) સામાન્ય બગાડ

20) નફા - જથ્થાનો ગુણોત્તર શોધવા જરૂરી છે.

(A) વેચાણ અને સ્થિર ખર્ચ (B) ફાળો અને વેચાણ

(C) વેચાણ અને ચલિત ખર્ચ

વિભાગ - B

નીચે આપેલા 21 થી 30 પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે. **[10]**

21) ફાળો એટલે શું ?

22) પડતરના મૂળતત્વો જણાવો.

23) LIFO પદ્ધતિ એટલે શું ?

24) માલસામાનના મુખ્ય બે પ્રકારો જણાવો.

25) હેલ્સી યોજનાનું બોનસ શોધવાનું સૂત્ર જણાવો.

26) મજૂરીની ગણતરીની આધુનિક પદ્ધતિઓ જણાવો.

27) પરોક્ષ ખર્ચની ઓછી વસૂલાત એટલે શું ?

28) બગાડના બે પ્રકાર જણાવો.

29) પ્રાથમિક પડતર એટલે શું ?

30) શિરોપરી ખર્ચની ફાળવણીમાં દિવાબત્તી કયા આધારે ફાળવશો ?

વિભાગ - C

■ **નીચે આપેલા 31 થી 40 સુધીના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. દસમાંથી ગમે તે સાત લખો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** **[14]**

31) નીચેના ઉદ્યોગોને પડતરની કઈ પદ્ધતિ ઉપયોગી છે ?

(1) મકાન બાંધકામ

(2) ઓઈલ રીફાઈનરી

32) સામાન્ય બગાડના ચાર કારણો જણાવો.

33) બિન કાર્ડ એટલે શું ?

34) પડતરનું એકમ એટલે શું ?

35) વેતન કે મહેનતાણું ચૂકવવાની રીતો જણાવો.

36) અર્ધચલિત ખર્ચ એટલે શું ? બે ઉદાહરણ આપો.

37) કારખાનાના પરોક્ષ ખર્ચના ચાર ઉદાહરણ આપો.

38) પડતરના હિસાબો નહિ પરંતુ નાણાંકીય હિસાબોમાં સમાવેશ થતી ચાર બાબતો જણાવો.

39) પ્રત્યક્ષ માલ સામાનના ચાર ઉદાહરણ આપો.

40) લક્ષણને આધારે માલ સામાનના પ્રકારો જણાવો.

■ **નીચેના આપેલા પ્રશ્નક્રમાંક 41 થી 43 ટૂંકનોંધ પ્રકારના પ્રશ્નો છે. ત્રણમાંથી ગમે તે બે લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[6]**

41) ફીફો પદ્ધતિ અને લીફો પદ્ધતિનો તફાવત ત્રણ મુદ્દામાં લખો.

42) પ્રત્યક્ષ ખર્ચા સમજાવો.

43) મજૂર ફેરબદલીના કારણો જણાવો.

વિભાગ - D

■ **નીચેના આપેલા પ્રશ્નક્રમાંક 44 થી 49 નિબંધ પ્રકારના પ્રશ્નો છે. છ માંથી ગમે તે પાંચ લખો. દરેક પ્રશ્નના 8 ગુણ છે.** **[40]**

44) અતુલ પ્રોડક્શનમાં 'અ' પ્રકારનો માલ સામાન નીચે મુજબ છે.

(1) સરેરાશ વપરાશ - 50 એકમો

(2) ઓછામાં ઓછો વપરાશ - 25 એકમો

(3) વધુમાં વધુ વપરાશ - 75 એકમો

(4) વરદી જથ્થો - 300 એકમો

(5) વરદી સમય - 4 થી 6 અઠવાડિયાં

ઉપરની વિગતો પરથી વરદી સપાટી, લઘુત્તમ સપાટી, ગુરૂત્તમ સપાટી અને સલામતી સપાટી શોધો.

45) એક કારીગરને એક કામ કરવા માટે 20 કલાકનો સમય આપવામાં આવે છે. પરંતુ કામદાર આ કામ 16 કલાકમાં પુરું કરે છે: વેતનનો દર કલાકદીઠ ₹ 5 છે. એક વસ્તુની માલસામાનની કિંમત ₹ 80 છે. કારખાનાનો શિરોપરી ખર્ચ પ્રત્યક્ષ મજૂરીના 100% લેખે ગણવાનો છે. તો હેલ્સી અને રોવન યોજના મુજબ કારખાના પડતર શોધો.

46) નીચેની માહિતીના આધારે આર્થિક વરદી જથ્થો અને ઓર્ડર સંખ્યા શોધો.

(1) વર્ષ દરમ્યાન વપરાશ - 4000 એકમો

(2) ઓર્ડર મુકવાનો ખર્ચ - ₹ 20

(3) એકમદીઠ વહન સંગ્રહ ખર્ચ - 10%

(4) વસ્તુની એકમદીઠ કિંમત - ₹ 40

47) એક કારખાનાની માહિતી નીચે મુજબ છે.

(1) એકમદીઠ વેચાણ કિંમત - ₹ 60

(2) એકમદીઠ ચલિત ખર્ચ - ₹ 42

(3) કુલ સ્થિર ખર્ચા (વાર્ષિક) - ₹ 7,20,000

ગણતરી કરો :

(1) સમતૂટબિંદુ એકમમાં અને રૂપિયામાં શોધો.

(2) જો કંપનીને ₹ 1,80,000 નો નફો મેળવવા જરૂરી વેચાણ શોધો.

(3) સલામતીગાળો એકમમાં શોધો.

(4) નફા-જથ્થાનો ગુણોત્તર શોધો.

48) "રાધેશ્યામ" કંપનીના પડતરના હિસાબો મુજબ નફો ₹ 3,50,000 છે. જ્યારે નાણાંકીય હિસાબો મુજબ નફો જુદો છે. બન્ને પ્રકારના ચોપડા તપાસતાં નીચેની બાબતો માલુમ પડી.

(1) વેચાણ - વિતરણ પરોક્ષ ખર્ચની વધુ વસૂલાત ₹ 30,000

(2) નાણાંકીય હિસાબોમાં મિલકત અપ્રચલિત બનવાથી ઉધારેલ ખોટ ₹ 5,000

(3) મળેલ વ્યાજ અને દલાલી ₹ 10,000

(4) નાણાંકીય હિસાબોમાં આખર સ્ટોકનું ઓછું મૂલ્યાંકન ₹ 25,000

(5) પડતરના હિસાબોમાં પોતાની માલિકીના મકાનનું ભાડું ₹ 20,000

(6) પડતરના હિસાબોમાં ઓછો ઉધારેલ ઘસારો ₹ 10,000

મેળવણી પત્રક તૈયાર કરો.

49) શ્રી મહેશ્વરી કંપનીના ત્રણ ઉત્પાદન વિભાગો A, B, અને C છે. નીચેની માહિતીના આધારે પરોક્ષ ખર્ચની ફાળવણી દર્શાવતું પત્રક તૈયાર કરો -

ખર્ચનું નામ	—	**₹**
(1) ભાડું - વેરા	—	2,400
(2) કેન્ટીન ખર્ચા	—	1,440
(3) વીજળી	—	5,400
(4) યંત્રનો ઘસારો	—	3,150
(5) સ્ટોકનો વીમો	—	6,000
(6) પરોક્ષ મજૂરી	—	5,600

વિગત	A	B	C
રોકેલ જથ્થા	200	300	500
કામદાર સંખ્યા	10	20	30
વીજળી પોઈન્ટ	4	6	10
યંત્રની કિંમત (₹)	60,000	70,000	80,000
પ્રત્યક્ષ મજૂરી (₹)	30,000	50,000	60,000
સ્ટોકની કિંમત (₹)	15,000	9,000	6,000

વિભાગ - E

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 50 અને 51 નિબંધલક્ષી પ્રશ્નો છે. બે માંથી ગમે તે એક લખો. દરેકના 10 ગુણ છે.** **[10]**

50) એક વસ્તુનું ઉત્પાદન કરતાં બે પ્રક્રિયામાંથી પસાર થાય છે. 'અ' અને 'બ'. બ પ્રક્રિયામાંથી તે તૈયાર માલના સ્ટોક ખાતે જાય છે. નીચેની માહિતી માર્ચ - 2020 ને લગતી છે. તેના આધારે પ્રક્રિયાના ખાતાં તૈયાર કરો દરેક પ્રક્રિયાની એકમદીઠ પડતર શોધો.

વિગત	પ્રક્રિયા - અ (₹)	પ્રક્રિયા - બ (₹)
માલસામાન(1,500 એકમો)	45,000	–
પ્રત્યક્ષ મજૂરી	6,500	6,200
પ્રત્યક્ષ ખર્ચા	4,500	7,900
પરોક્ષ ખર્ચા	16,000	11,100
સામાન્ય બગાડ (દાખલ કરેલ એકમના)	20%	10%

51) શ્રી મેલડી કંપનીની નીચેની માહિતીના આધારે પડતરનું પત્રક તૈયાર કરો.

વિગત	₹
પ્રત્યક્ષ માલ સામાન	1,50,000
પ્રત્યક્ષ મજૂરી	2,00,000
પ્રત્યક્ષ ખર્ચા	30,000
કારખાનાનું ભાડું - વેરા	80,000
ઓફીસ સ્ટાફ પગાર	45,000
વેચાણ મેનેજરનો પગાર	60,000
યંત્રનો ઘસારો	18,000
કાઉન્ટીંગ હાઉસ પગાર	12,000
ભાવ પત્રક	4,000
ઘોડિયાઘરનો ખર્ચ	30,000
ઓડિટ ફી	8,000
ઔદ્યોગિક પ્રદર્શનમાં ભાગ લેવાનો ખર્ચ	20,000
સુપરવાઈઝરનો પગાર	10,000
સામાન્ય ખર્ચા	5,000
શો રૂમનું ભાડું	3,000
વેચાણ	9,00,000

◆◆◆

This Question Paper contains 8 printed pages.

Seat No.: | | | | | | | |

Sl. No. : 100452

205(G)

(March, 2022)

Time : 3 Hours] ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ અને કુલ 50 પ્રશ્નો છે.
2) બધાજ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ છે.
4) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.

વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 20 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[20]**

1) કાચું ભરતિયું કોણ તૈયાર કરે છે ?
   (A) માલધણી (B) આડતિયો
   (C) ગ્રાહક

2) આસામી આડતની ગણતરી કયા વેચાણ પર થાય છે ?
   (A) રોકડ વેચાણ (B) ઉધાર વેચાણ
   (C) કુલ વેચાણ

3) આડતિયો માલધણીને કયું પત્રક મોકલે છે ?
   (A) રસીદ (B) કાચું ભરતિયું
   (C) વેચાણ આંકડો

4) એકનોંધી હિસાબી પદ્ધતિમાં 'ઉધાર ખરીદી' શોધવા કયું ખાતું તૈયાર કરવામાં આવે છે ?
   (A) લેણદારનું (B) દેવાદારનું
   (C) રોકડ ખાતું

5) એકનોંધી હિસાબી પધ્ધતિ એ દ્વિનોંધી પધ્ધતિનું કયું સ્વરૂપ છે ?
   (A) સંપૂર્ણ (B) અપૂર્ણ
   (C) એકપણ નહિ

6) એકનોંધી હિસાબી પદ્ધતિ સામાન્ય રીતે કોણ રાખે છે ?
(A) કંપની (B) ભાગીદારી પેઢી
(C) પાનબીડી વાળા

7) આવક-જાવક ખાતું કોના જેવું છે ?
(A) રોકડ ખાતા જેવું (B) નફા નુકશાન ખાતા જેવું
(C) મૂડી ખાતા જેવું

8) દાન (સખાવત) કઈ આવક ગણાય ?
(A) મહેસૂલી આવક (B) મૂડી આવક
(C) અન્ય આવક

9) અમદાવાદની સીવીલ હોસ્પિટલ એ કયા પ્રકારની સંસ્થા છે ?
(A) વેપારી સંસ્થા (B) શૈક્ષણિક સંસ્થા
(C) બિન વેપારી સંસ્થા

10) ભારતમાં ભાગીદારીનો કાયદો કઈ સાલથી અમલમાં આવ્યો ?
(A) 1932 (B) 1923
(C) 1956

11) ભાગીદારીમાં ઓછામાં ઓછા કેટલા ભાગીદારો હોય છે ?
(A) વીસ (B) બે
(C) દસ

12) ભાગીદારોએ કરારપત્ર બનાવેલ નથી તો નફો કે નુકશાન કયા પ્રમાણમાં વહેંચાશે ?
(A) પોતાની રીતે (B) મૂડીના પ્રમાણમાં
(C) સરખે હિસ્સે

13) પાઘડી અને ટ્રેડમાર્ક કેવી મિલ્કત છે ?
(A) અદ્રશ્ય (B) ચાલું
(C) કાયમી

14) સામાન્ય અનામત એટલે શું છે ?
(A) નહિં વહેંચાયેલ નુકશાન (B) નહિં વહેંચાયેલ નફો
(C) ડિવિડન્ડ

15) આખર સ્ટોકનું મૂલ્યાંકન .....
(A) મૂળ કિંમતે થાય.
(B) બજાર કિંમતે થાય.
(C) મૂળ કિંમત અને બજાર કિંમત બેમાંથી જે ઓછી તે.

16) ભાગીદારના પ્રવેશ/નિવૃત્તિ વખતે તૈયાર કરવામાં આવે છે.
(A) નફા - નુકશાન હવાલા ખાતું (B) વેપાર ખાતું
(C) નફા - નુકશાન ખાતું

17) A, B અને C 5 : 3: 2 ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચી લેતા ભાગીદારો છે. જે પૈકિ B નિવૃત્ત થાય છે. તો નફા - નુકશાનનું નવું પ્રમાણ શું થાય.
(A) 2 : 5 (B) 5 : 2
(C) 1 : 1

18) કંપનીનો શેર હોલ્ડર કંપનીના હપ્તાના નાણાં ભરવામાં નિષ્ફળ જાય તો .....
(A) તે શેર હોલ્ડર તરીકે ચાલુ રહે. (B) તેના શેર રદ થાય.
(C) તેના શેર જપ્ત થાય.

19) શેર જપ્તીની બાકીની રકમ કયા ખાતે લઈ જવામાં આવે છે ?
(A) મૂડી અનામત (B) સામાન્ય અનામત
(C) નફા - નુકશાન ખાતે

20) શેર પ્રિમિયમથી બહાર પાડવા એટલે.....
(A) મૂળ કિંમતે બહાર પાડવા.
(B) મૂળ કિંમત કરતાં વધુ કિંમતે બહાર પાડવા.
(C) મૂળ કિંમત કરતાં ઓછી કિંમતે બહાર પાડવા.

વિભાગ - B

■ **પ્રશ્નક્રમાંક 21 થી 30 અતિ ટૂંકા જવાબી પ્રશ્નો છે. જેના જવાબ એક વાક્યમાં લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

21) આડતિયો પોતાના ચોપડે કોનું ખાતું તૈયાર કરે છે ?

22) આડતના પ્રકારો જણાવો.

23) એકનોંધી પદ્ધતિનાં સ્વરૂપો જણાવો.

24) એકનોંધી હિસાબી પદ્ધતિમાં શરૂઆતની મૂડી શોધવા કયું ખાતું તૈયાર કરવું પડે છે ?

25) બિન વેપારી સંસ્થાની મુખ્ય આવક કઈ છે ?

26) ભાગીદારી પેઢીમાં વધુમાં વધુ કેટલા ભાગીદારો હોય ?

27) ભાગીદારોએ મૂડી ખાતાં રાખવાની પધ્ધતિઓ જણાવો.

28) જમીન, મકાન, યંત્રો એ કેવી મિલ્કત છે ?

29) ભાગીદારના પ્રવેશ વખતે "મિલકતમાં વધારો" નફા - નુકશાન હવાલા ખાતાની કઈ બાજું નોંધાય ?

30) ભારતમાં કંપનીધારો કઈ સાલથી અસ્તિત્વમાં આવ્યો ?

વિભાગ - C

■ **પ્રશ્ન ક્રમાંક 31 થી 39 ટૂંકા જવાબી પ્રશ્નો છે, જેના માગ્યા મુજબ જવાબ આપવાના છે. નવમાંથી ગમે તે છ ના જવાબ લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[18]**

31) આડતમાલના ત્રણ લક્ષણો જણાવો.

32) બિન વેપારી સંસ્થાનો અર્થ અને તેના ઉદાહરણ આપો.

33) એક પેઢીના ભાગીદારે પેઢીમાંથી દર મહિનાની શરૂઆતમાં ₹ 800 નો ઉપાડ કર્યો છે. જો ઉપાડ પર 5% લેખે વ્યાજ વસૂલ કરવાનું હોય તો ઉપાડ પર વ્યાજનો દર શોધો.

34) પ્રેફરન્સ શેરના પ્રકારો જણાવો.

35) સંચાલકિય હિસાબી પદ્ધતિના ત્રણ લક્ષણો જણાવો.

36) ફુગાવાલક્ષી હિસાબી પધ્ધતિના ત્રણ લાભ અને ત્રણ ગેરલાભ જણાવો.

37) માનવ સંપત્તિના હિસાબોના ત્રણફાયદા જણાવો.

38) કોમ્પ્યુટરના ભાગો જણાવો.

39) આંતરરાષ્ટ્રીય હિસાબી ધોરણોમાં સમાવિષ્ટ થતી બાબતો જણાવો.

વિભાગ - D

■ **પ્રશ્નક્રમાંક 40 થી 47 નિબંધ પ્રકારના પ્રશ્નો છે, જેના માગ્યા મુજબ જવાબ લખો. આઠમાંથી ગમે તે છ લખો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[30]**

40) રાજકોટની રમીલાએ વલસાડની વનિતાને ₹ 600 નું એક એવા 100 કબાટ આડતથી વેચવા મોકલ્યા. માલ મોકલતાં માલધણીએ ₹ 3,500 રેલ્વેનૂર અને ₹ 2,000 મજૂરીનાં ચૂકવ્યા.
રમીલાની લખેલી ₹ 35,000 ની 3 માસની મુદતની હૂંડી આડત માલના એડવાન્સ પેટે સ્વીકારી. માલધણીને નાણાંની તાત્કાલિક જરૂર હોવાથી આ હૂંડી વાર્ષિક 12% ના દરે વટાવી.
વનિતાએ માલ છોડાવવા અંગેના મજૂરી - જકાતના ₹ 5,000 ચૂકવ્યા. બે માસ પછી વેચાણ આંકડામાં તેમણે જણાવ્યું કે 70 કબાટ ₹ 900 લેખે વેચ્યા હતા અને બાકીના 30 કબાટ ₹ 1,000 લેખે વેચ્યા હતા. આડતિયાને વેચાણ પર 5% આડત આપવાની છે.
આડતમાલ ખાતું તૈયાર કરો.

41) 10,000 લિટર રસાયણ લિટરના 0.80 પૈસાના ભાવે આડતથી વેચવા મોકલ્યું. માલ મોકલતા ₹ 400 ખર્ચ થયો. રસ્તામાં બાષ્પીભવનથી 400 લિટર રસાયણ ઉડી ગયું. આડતિયાએ 7,200 લિટર રસાયણ ₹ 4 ના ભાવે વેંચ્યું.
આખર સ્ટોકની ગણતરી કરો.

42) નીચેના તફાવત લખો. (ત્રણ-ત્રણ મુદ્દો)

(1) કાચું ભરતિયું અને વેચાણ આંકડો

(2) આડત માલથી વેચાણ અને સામાન્ય વેચાણ

43) શ્રી મેહુલ પોતાના હિસાબો એકનોંધી પદ્ધતિથી રાખે છે. માહિતી નીચે મુજબ છે.

(1) શરૂઆતનો મૂડી (તા. 1-1-2019) ₹ 55,000

(2) આખરની મૂડી (તા. 31-12-2019) ₹ 75,000

(3) વર્ષ દરમ્યાન વધારાની મૂડી ₹ 12,000

(4) વર્ષ દરમ્યાન કરેલ ઉપાડ

L.I.C.	₹ 3,200
આવકવેરો	₹ 2,800
ઘરખર્ચ	₹ 4,200

વર્ષ - 2019 ના રોજનો નફો શોધો.

44) શ્રી શક્તિ ક્લબનું આવક - જાવક ખાતું નીચે મુજબ આપેલ છે. તેના આધારે તા. 31-3-2011 ના રોજ પૂરાં થતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું તૈયાર કરો.

આવક-જાવક ખાતું

આવક		₹	જાવક	₹
બા.આ. લાવ્યા		900	બા.આ. લાવ્યા	400
મનોરંજન કાર્યક્રમ આવક		4,950	સ્ટેશનરી ખર્ચ	1,000
પ્રવેશ ફી		1,800	ફર્નિચર ખરીદી	3,000
રોકાણો પર વ્યાજ		1,650	રોકાણોની ખરીદી	6,000
લવાજમ :			બિલિયડ ટેબલ	3,000
2009-10	100		પગાર	4,750
2010-11	5,800		મનોરંજન કાર્યક્રમ ખર્ચ	2,550
2011-12	600	6,500	બા.આ.બા.ગયા	
જૂના ફર્નિચરનું વેચાણ		200	રોકડ સિલક	200
(ચોપડા કિંમત 350)			બેન્ક સિલક	1,100
દાન (સખાવત)		6,000		
		22,000		**22,000**

વધારાની માહિતી :

(1) ક્લબનાં 125 સભ્યો છે. જે દરેક વાર્ષિક ₹ 50 લવાજમના ચૂકવે છે.

(2) પગાર ચૂકવવાનો બાકી ₹ 650 છે.

(3) રોકાણો પર મળવાનું બાકી વ્યાજ ₹ 250 છે.

(4) પ્રવેશ ફી 50% મૂડીકૃત કરવાની છે.

45) શ્રી રામ અને લખન એક પેઢીના ભાગીદારો છે. તેઓ સરખા હિસ્સે નફો - નુકશાન વહેંચે છે. તા. 1-4-2018 ના રોજ રામ અને લખનન મૂડી અનુક્રમે ₹ 30,000 અને ₹ 25,000 છે. ભાગીદારોનો ઉપાડ અનુક્રમે ₹ 3,000 અને ₹ 2,500 છે. ઉપાડ પર વ્યાજ રામનું ₹ 200 અને લખનનું ₹ 150 ગણવાનું છે.

ભાગીદારી કરારનામામાં જણાવ્યા પ્રમાણે ભાગીદારોની મૂડી પર 12% લેખે વ્યાજ આપવાનું છે. જયારે ઉપાડ પર 15% લેખે વ્યાજ વસૂલ કરવાનું છે. લખનને વાર્ષિક ₹ 12,000 પગાર આપવાનો છે. ભાગીદારોની મૂડી અને ઉપાડ પર વ્યાજ તથા લખનના પગાર ગણ્યા પહેલાં તા. 31-3-2019 ના રોજ પૂરા થતા વર્ષનો નફો ₹ 27,000 છે.

ઉપરની માહિતી પરથી નફા - નુકશાન ફાળવણી ખાતું અને ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

46) નોકિયા કંપની લિમિટેડે ₹ 100 નો એક એવા 1000 ઇક્વીટી શેર બહાર પાડ્યા. નાણાં નીચે મુજબ મંગાવવાના હતા.

શેર અરજી સાથે ₹ 20

શેર મંજૂરી સાથે ₹ 25

શેર પ્રથમ હપ્તા સાથે ₹ 30

શેર બીજા હપ્તા સાથે ₹ 25

કંપનીને 900 શેર માટે અરજીઓ મળી જે તમામ મંજૂર કરવામાં આવી પ્રથમ અને બીજા હપ્તાની રકમ સમયસર અને પૂરેપૂરી મળી ગઈ.

કંપનીના ચોપડે આમનોંધ લખો.

(બા. જે. જરૂરી નથી)

47) વિવેક લિમિટેડની નીચે આપવામાં આવેલ બાકિઓ પરથી તા. 31-3-2004 ના રોજ પુરા થતા વર્ષનું વેપાર ખાતું તૈયાર કરો.

વિગત	₹
શરૂઆતનો સ્ટોક (તા. 1-4-2003)	10,000
ખરીદી	30,200
ખરીદ-પરત	200
આવાક માલ - ગાડા ભાડું	400
રેલ્વેનૂર	600
મજૂરી	1,000
લારી ભાડું	300
ડેમરેજ	700
ગાદી ચાર્જ	200
ઓક્ટ્રોય	800
વેચાણ	40,400
વેચાણ પરત	400
ભંગાર માલનું વેચાણ	1,200
ચોરાઈ ગયેલ માલ	800
ધર્માદા આપેલ માલ	600
આગથી બળી ગયેલ માલ	400
આખર સ્ટોક (31-3-2004)	9,000

વિભાગ - E

■ **પ્રશ્નક્રમાંક 48 થી 50 વિસ્તૃત પ્રકારના પ્રશ્નો છે. ત્રણમાંથી ગમે તે બે લખો. દરેક પ્રશ્નના 11 ગુણ છે.** **[22]**

48) શ્રી મયંક મોદી પોતાના હિસાબો એકનોંધી પધ્ધતિથી રાખે છે. નીચેની માહિતીના આધારે ઉધાર ખરીદી અને ઉધાર વેચાણ શોધો.

વિગત	શરૂની બાકી તા. 01-04-2018	આખર બાકી તા. 31-03-2019
દેવી હૂંડી	840	1,540
લેણી હૂંડી	420	1,120
માલનો સ્ટોક	5,600	8,700
લેણદારો	6,720	4,120
દેવાદારો	12,600	12,000

વધારાની માહિતી :

લેણી હૂંડીના રોકડા મળ્યા	₹ 2,120
દેવી હૂંડીના રોકડા ચૂકવ્યા	₹ 2,540
દેવાદારો પાસેથી રોકડા મળ્યા	₹ 62,000
લેણદારોને રોકડા ચૂકવ્યા	₹ 54,600

ખરીદ માલ પરત	₹ 600
વેચાણ માલ પરત	₹ 800
મળેલ વટાવ	₹ 500
આપેલ વટાવ	₹ 800
ઘાલખાધ	₹ 700

49) **(A)** સીતા, ગીતા, મીતા અને નીતા એક પેઢીના ભાગીદારો છે. તેઓનું નફા - નુકશાનનું પ્રમાણ 4 : 3 : 2 : 1 છે. વર્ષના અંતે પેઢીનો નફો ₹ 1,00,000 થયો હોય તો દરેક ભાગીદારને કેટલો નફો મળશે ?

(B) ભાગીદારીની વ્યાખ્યા આપી ભાગીદારીનાં લક્ષણો જણાવો.

(C) ભાવેશ અને રાજેશ એક પેઢીના ભાગીદારો છે. ભાવેશ દર મહિનાની પહેલી તારીખે ₹ 500 નો ઉપાડ કરે છે. જ્યારે રાજેશ દર મહિનાની છેલ્લી તારીખે ₹ 400 નો ઉપાડ કરે છે. ઉપાડ પર વ્યાજનો દર 12% હોય તો બંનેના વ્યાજનો તફાવત શોધો.

50) રામ અને શ્યામ 2 : 1 ના પ્રમાણમાં નફો વહેંચી લેતા ભાગીદારો છે. તા. 31 મી માર્ચ 2018 ના રોજનું પાકુ સરવૈયું નીચે મુજબ છે.

પાકું સરવૈયું

મૂડી દેવાં	₹	મિલકત લેણાં	₹
રામની મૂડી	60,000	જમીન - મકાન	50,000
શ્યામની મૂડી	32,000	ઓફિસ - ફર્નિચર	2,000
અનામત ભંડોળ	9,000	સ્ટોક	40,000
લેણદારો	34,000	દેવાદારો	32,000
		લેણી હૂંડીઓ	6,000
		રોકડ સિલક	5,000
	1,35,000		**1,35,000**

તા. 1 લી જુલાઈ 2018 ના રોજ નીચેની શરતોએ શિવજીને ભાગીદારીમાં પ્રવેશ આપ્યો.

(1) શિવજીએ ભવિષ્યના નફાના $\frac{1}{5}$ ભાગના બદલામાં ₹ 20,000 મૂડી તરીકે લાવવા.

(2) જમીન અને મકાનની કિંમતમાં 20% નો વધારો કરવો.

(3) સ્ટોક અને ફર્નિચરની કિંમતમાં 10% ઘટાડો કરવો.

(4) દેવાદારો પર 5% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.

(5) નહિં ચૂકવેલ ભાડાના ₹ 300 ની નોંધ કરવાની બાકી છે.

(6) ₹ 300 લેણદારો પર વટાવ અનામત રાખો.

ઉપરની માહિતી પરથી જરૂરી ખાતાં તૈયાર કરી નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

◆◆◆

This Question Paper contains 7 printed pages.

Seat No.: | | | | | | | |

Sl. No. : 101452

207(G)

(March, 2022)

Time : 3 Hours] ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 58 પ્રશ્નો છે.
2) પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપો.
3) પ્રશ્નોની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
4) નવો વિભાગ નવા પાના પર લખો.

વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 20 બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો છે. દરેક પ્રશ્ન માટે આપેલા વિકલ્પ પૈકી સાચો વિકલ્પ પસંદ કરી લખો. દરેકનો 1 ગુણ છે.** **[20]**

1) કોઈ હિસાબી વ્યવહાર લખવાનો રહી જાય તો તેને કયા પ્રકારની ભૂલ કહેવાય છે ?
   (A) સિદ્ધાંતની
   (B) વિસરચૂક
   (C) ભરપાઈ ચૂક

2) બક્ષિસવેરાના કાયદા મુજબ નીચેનામાંથી કઈ બક્ષિસ માની લીધેલ બક્ષિસ ગણાય છે ?
   (A) રોકડની બક્ષિસ
   (B) હિસાબી ચોપડે નોંધાતી બક્ષિસ
   (C) લગ્ન પ્રસંગે આપેલ બક્ષિસ

3) ઓડિટ કાર્યનો અંતિમ તબક્કો કયો છે ?
   (A) વાઉચિંગ
   (B) ચકાસણી
   (C) મૂલ્યાંકન

4) ઇન્કમટેક્ષ રિફંડનું વાઉચિંગ કરતી વખતે નીચેનામાંથી કયું વાઉચર તપાસવું જોઈએ ?

(A) ખરીદ બીલ

(B) વેચાણ બીલ

(C) રિફંડનો હુકમ

5) સંપત્તિવેરામાં અંગત વાહનો કેટલા સુધી કરમુક્ત છે ?

(A) ₹ 75,000

(B) ₹ 80,000

(C) ₹ 90,000

6) કઈ તપાસમાં થોડા કસોટીરૂપ વ્યવહારોની પસંદગી કરવામાં આવે છે ?

(A) નિત્ય તપાસ

(B) ચકાસણી

(C) પ્રાયોગિક તપાસ

7) આવકવેરાનો કાયદો કઈ સાલથી અમલમાં આવ્યો ?

(A) 1965

(B) 1961

(C) 1972

8) નીચેનામાંથી કઈ વિગત ઓડિટરના કામકાજના કાગળોમાં સમાવેશ થાય છે ?

(A) પાકું સરવૈયું

(B) ઓડિટ કાર્યક્રમ

(C) શેર હોલ્ડરોની યાદી

9) આંતરિક અંકુશની પ્રથા કેવી હોય છે ?

(A) જડ

(B) કામ ચલાઉ

(C) પરિવર્તનશીલ

10) વેચાણમાલ પરત આવે ત્યારે કઈ ચિઠ્ઠી લખવામાં આવે છે ?

(A) વચન ચિઠ્ઠી

(B) જમા ચિઠ્ઠી

(C) ઉધાર ચિઠ્ઠી

11) બક્ષિસવેરો ભરવાની જવાબદારી નીચેનામાંથી કોની હોય છે ?

(A) બક્ષિસ આપનાર

(B) રાજ્ય સરકાર

(C) બક્ષિસ લેનાર

12) આંતરિક અંકુશથી કર્મચારીઓમાં શું કેળવાય છે ?

(A) સમજણ

(B) નિયમિતતા

(C) બન્ને

13) ભારતીય કંપનીધારા પ્રમાણે હિસાબોનું શું કરાવવું ફરજિયાત નથી ?

(A) ઓડિટ

(B) મૂલ્યાંકન

(C) અન્વેષણ

14) કોઈ એક વ્યક્તિએ બીજી વ્યક્તિની તરફેણમાં અવેજ વગર કરેલ મિલકતનું હસ્તાંતરને શું કહે છે ?

(A) વેચાણ

(B) ધર્માદો

(C) બક્ષિસ

15) કેન્દ્ર કે રાજ્ય સરકારના હિસાબો ઓડિટ કરવાનું કામ કોણ કરે છે ?

(A) કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટ જનરલ

(B) ઓડિટર

(C) કેન્દ્ર સરકાર

16) હિસાબો કોણ રાખે છે ?

(A) હિસાબનીશ

(B) ઓડિટર

(C) શેર હોલ્ડરો

17) કઈ પદ્ધતિમાં હિસાબો લખવા તેમજ તપાસવાનું કાર્ય એક સાથે થાય છે ?

(A) આંતરિક અંકુશ

(B) આંતરિક ઓડીટ

(C) પડતર ઓડિટ

18) ઓડિટિંગનો આત્મા કોણ છે ?

(A) મૂલ્યાંકન

(B) વાઉચિંગ

(C) ચકાસણી

19) નીચેનામાંથી કઈ ભૂલ કાચા સરવૈયાને અસર કરતી નથી ?

(A) વિસરચૂક ભૂલ

(B) ખતવણીની ભૂલ

(C) બેવડી ખતવણી

20) પડતરના હિસાબોનું કાર્યક્ષેત્ર કેવું છે ?

(A) મર્યાદિત

(B) સાંકળુ

(C) વિશાળ

વિભાગ - B

■ **નીચે આપેલા 21 થી 30 પ્રશ્નોના અતિ ટૂંકમાં જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

21) મૂલ્યાંકન એટલે શું ?

22) સંપત્તિવેરો એટલે શું ?

23) અધ્યાપકને મળતા પરીક્ષા મહેનતાણાંની રકમ આવકવેરામાં કયા શીર્ષક હેઠળ મુકવામાં આવે છે?

24) બેન્ક ખાતાના વાઉચિંગ વખતે ઓડિટરે શું તપાસવું જોઈએ ?

25) ઓડિટરનું કાર્ય શું છે ?

26) સતત ઓડિટ ક્યાં અનુકૂળ પડે છે ?

27) કસ્ટમ ડ્યુટી કોણ ઉઘરાવે છે ?

28) અર્ધવાર્ષિક ઓડિટ ખાસ કયા હેતુથી કરવામાં આવે છે ?

29) કઈ આવકોનો સમાવેશ મકાન - મિલ્કતમાંથી મળતી આવકોમાં કરવામાં આવે છે ?

30) ઓડિટ કાર્યક્રમ એટલે શું ?

વિભાગ - C

નીચે આપેલા 31 થી 44 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. દરેક પ્રશ્નોના 2 ગુણ છે. (ગમેતે 12) **[24]**

31) ઓડિટરની નિમણુંક કે પુનઃ નિમણુંક વિશિષ્ટ ઠરાવ દ્વારા થાય તેવી ચાર સંસ્થાઓ જણાવો.

32) ચોખ્ખી સંપત્તિ એટલે શું ?

33) ઓડિટર ઓડિટ કરતી વખતે કઈ - કઈ નિશાનીઓનો ઉપયોગ કરે છે ?

34) અન્વેષણના કોઈપણ બે પ્રસંગો જણાવો.

35) સંપત્તિવેરા અન્વયે માની લીધેલી કોઈપણ બે મિલકતો જણાવો.

36) ખામીવાળો ઓડિટ અહેવાલ કયા સંજોગોમાં આપી શકે છે ?

37) વેચાણવેરાની મુદતીના બે પ્રસંગો જણાવો.

38) આંતરિક અંકુશની વ્યાખ્યા આપો.

39) ઓડિટના ચાર પ્રકારો જણાવો.

40) ઓડિટિંગના કોઈપણ બે લક્ષણો જણાવો.

41) પાછલું વર્ષ એટલે શું ?

42) ફરીથી વેચાણ (પુનઃ વેચાણ)ના કોઈપણ બે ઉદાહરણ જણાવો.

43) કરદાતા એટલે શું ?

44) ઓડિટ નોંધપોથીની વ્યાખ્યા આપો.

વિભાગ - D

■ **નીચેના 45 અને 46 ટૂંકા પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[6]**

45) ટીમિંગ અને લેડિંગ પદ્ધતિ સમજાવો.

46) કંપની ઓડિટરના ગુણો જણાવો.

■ **નીચેના 47 થી 50 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેકના 4 ગુણ છે. (ગમે તે ત્રણ)** **[12]**

47) વેપારીને કર ભરવાની જવાબદારીમાંથી મુક્તિ પ્રાપ્ત થાય તેવા પ્રસંગો જણાવો.

48) આકસ્મિક આવક એટલે શું ? આકસ્મિક આવકના ચાર ઉદાહરણ આપો.

49) પડતર ઓડિટની લાક્ષણિકતાઓ જણાવો.

50) ઓડિટ અહેવાલના ફાયદા જણાવો.

■ **નીચેના 51 અને 52 પ્રશ્નોના તફાવતલક્ષી જવાબ લખો. દરેકના 4 ગુણ છે.** **[8]**

51) નિત્ય તપાસ અને પ્રાયોગિક તપાસ વચ્ચેના તફાવતના ચાર - ચાર મુદ્દા લખો.

52) ઓડિટ અને અન્વેષણ વચ્ચેના તફાવતના ચાર - ચાર મુદ્દા લખો.

વિભાગ - E

■ **નીચે આપેલા 53 થી 58 નિબંધલક્ષી પ્રશ્નોના જવાબ આપો. દરેકના 5 ગુણ છે. (ગમે તે ચાર)** **[20]**

53) પગારના શીર્ષક હેઠળ સમાવાતી આવકો જણાવો.

54) કંપની ઓડિટરની ગેરલાયકાતો જણાવો.

55) આદર્શ અંકુશ પદ્ધતિના લક્ષણો જણાવો.

56) પડતર ઓડિટના હેતુઓ જણાવો.

57) ગુજરાત વેચાણવેરા સંદર્ભમાં નીચેના શબ્દોની સમજૂતિ આપો. (ગમે તે બે)

(1) વેપારી (2) માલ

(3) ખેતી અને ખેડૂત

58) ધ્યાના પટેલ એક કંપનીમાં નોકરી કરે છે. નીચેની માહિતી પરથી ગ્રોસ આવકની ગણતરી કરો.

(1) મૂળ પગાર (માસિક) ₹ 16,000

(2) મનોરંજન ભથ્થું (વાર્ષિક) ₹ 4,500

(3) મોંઘવારી ભથ્થું - મૂળ પગારના 65% લેખે

(4) બોનસ - 1 (એક) મૂળ માસિક પગાર

(5) માલિકનો માન્ય પ્રોવિડન્ડ ફંડમાં ફાળો - મૂળ પગારના 8% લેખે

(6) માલિક દ્વારા ચૂકવેલ જીવન વિમા પ્રિમીયમ ₹ 3,500

◆◆◆